

# પતિના મૃતદેહને લઈને એકલા સાસરે પહોંચ્યા

**તમને મારા પર જીવ બળે છે એટલે તમે મને લેવા આવ્યા, હું તો મોટી છું પણ આ બધા તો નાનાં એમને એકલા મૂકતા મારો જીવ નહીં ચાલે!**

આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

રવીનાબેને ચાલીસી માંડ વટાવી હશે ત્યાં એમના પતિ પાંચ બાળકોની જવાબદારી સોંપી સ્વર્ગે સીધાવ્યા. વર્ષો સુધી તેઓ પતિ સાથે સૌરાષ્ટ્રમાં છૂટક મજૂરી, ખેતીનું કામ, ટૂંકમાં જે કામ મળે તે કરીને પેટિયું રળતા. એક દિવસ અચાનક જ પતિ બીમાર પડ્યા ને થોડા દિવસમાં જ એ આ દુનિયા છોડી ગયા.

યુવાન બહેનને માથે પાંચ બાળકોની જવાબદારી. એમને હવે સૌરાષ્ટ્ર વસમું લાગ્યું. એમણે પોતાની સાસરી પંચમહાલના મોરવા હડફ તાલુકાના રજાયતા ગામે પરત ફર્યા. પણ ગામમાં એમની પાસે રહેવા પોતાનું ઘર નહીં. એમના દિયર પરિવાર સાથે મજૂરી અર્થે ગામ બહાર રહે. એમણે રવીનાબહેનને પોતાના ઘરમાં જ્યાં સુધી એમનું પોતાનું ઘર ન થાય ત્યાં સુધી આસરો આપ્યો.

સામાન્ય રીતે રવીનાબહેન જે સમુદાયમાંથી આવે એમાં નાની ઉંમરે પતિનું મૃત્યુ થાય તો પિયરવાળા આવીને પોતાની દીકરીને પિયર તેડી જાય ને એનાં લગ્ન બીજે કરાવી દે. દીકરીને બાળકો હોય તો એ બાળકો સાસરીવાળાને સોંપી દે. આ વિસ્તારમાં મોટાભાગના કિસ્સામાં આપણને આવું થતું જોવા મળે એટલે જ છતી માએ અનાથ જેવું જીવન જીવતાં અનેક બાળકો આપણને આ વિસ્તારમાં જોવા મળે. રવીનાબહેનના પિયરવાળા પણ તેમને લેવા આવ્યા. પરંતુ પાંચ બાળકો છતી માએ નોંધારા જીવે એ વાત રવીનાબહેનને યોગ્ય ન લાગી. પિયરીયાએ એકલપંડે પાંચ બાળકોને ઉછેરવા એ કંઈ નાનીસૂની વાત નથી એવું પણ કહ્યું, પણ રવીનાબહેનનો જીવ ન ચાલ્યો. એમણે કહ્યું, "મારો ઘરવાળો બીમાર થયો ત્યારે સાસરીમાંથી કોઈ ખબર કાઢવા કે પાંચ રૂપિયાનો ટેકો કરવા આવ્યું નહોતું. એમની કોઈ મુશ્કેલી હશે એટલે નહીં આવ્યા હોય એ હું સમજું. પણ હોસ્પિટલમાં એમનું મૃત્યુ થયું એ પછી હું એકલી વાહન બાંધીને એમના મૃતદેહને લઈને રજાયતા આવેલી. દિયર, જેઠ એ બધાય પોતાનો વસ્તાર લઈને બેઠા. મજૂરી કરીને એ એમનું પૂરું કરે આવામાં મારા પાંચ બાળકો એમના હવાલે આપું તો એમનું જીવન કેવું થાય? તમને મારા પર જીવ બળે છે એટલે તમે મને લેવા આવ્યા. હું તો મોટી છું, પણ આ બધા તો નાનાં. એમને એકલા મૂકતાં મારો જીવ નહીં ચાલે." પિયરવાળા રવીનાબહેનની વાત સાંભળીને નારાજ થઈને જતા રહ્યા. એ કહે, "હું મા છું, મારાથી મારા પેટના જણ્યાને આમ રઝળતાં ન મુકાય."

કવિ ઝવેરચંદ મેઘાણીએ ભારત માતા માટે લખેલી પંક્તિઓ 'પરવશ-પરાજિત-લથડતી તું : તોય મા તે મા !' એ યાદ આવી. કવિએ એ વખતે કહેલું, હે ભારતમાતા! આજે તું પરદેશી શાસકોની ગુલામીમાં પરવશ (પરાધીન) છે, તું યુદ્ધો અને અન્યાય સામે પરાજિત થઈને લાચાર બની ગઈ છે ને તારી આર્થિક તેમજ સામાજિક સ્થિતિ એટલી ખરાબ છે કે તું લથડતી (ડગમગતી) હાલતમાં છે. છતાં પણ, તું અમારી મા છે. રવીનાબહેન ગમે એટલા ગરીબ, દુઃખી કે અસહાય ભલે રહ્યા, પણ એમના સંતાનો માટે એમનો પ્રેમ અજોડ. મા આવી જ હોય. રવીનાબહેનનાં સંતાનો પણ મા માટે અપાર લાગણી દાખવે. હવે તો બધા સમજણાં થયા. એ એમની માના ત્યાગને, સંઘર્ષને જુએ છે એટલે જ ઝટ મોટા થઈને મા જે તકલીફો વેઠે એમાંથી એને મુક્ત કરવાનું પણ બધા વિચારે.

રવીનાબહેને સાસરીમાં રહેવાનું નક્કી કર્યું. પણ એ વખતે એમની પાસે આજીવિકાનું કોઈ સાધન નહોતું. જ્યારે ખેતરમાં મજૂરી મળે ત્યારે છૂટક મજૂરી કરવા જાય અને બાકીના દિવસોમાં જંગલમાંથી લાકડાં કાપી લાવે, તેના ભારા બનાવે અને વેચે. આ રીતે જે કંઈ મળે તેમાંથી પાંચ બાળકો સાથે પોતાનું ગુજરાન ચલાવે.

દિયરના મકાનમાં રહેતાં રવીનાબહેનને દિયર ઘરે આવે ત્યારે મુશ્કેલી થાય. હમણાં વરસાદમાં દિયરના મકાનની એક બાજુની ભીંત પડી ને ઘર પરની છત કાણી થઈ. આ બધું સમારકામ કરવાના પૈસા એમની પાસે નહીં. જ્યારે પતિ જીવતા હતા ત્યારે એમણે ચાંદીની બંગડીઓ કરાવેલી. એ બંગડી દસ હજારમાં વેચી એમણે મકાન ઠીક કરાવ્યું.

અત્યંત વિકટ સ્થિતિમાં રહેતાં રવીનાબહેનની સ્થિતિનો ખ્યાલ મોરવા હડફ તાલુકાના અત્યંત સંવેદનશીલ એવા મામલતદાર શ્રી હાર્દિકભાઈ જોશીને આવ્યો. રવીનાબહેન વર્ષો સૌરાષ્ટ્રમાં મજૂરી અર્થે રહ્યા એટલે એમની પાસે પોતાની ઓળખના આધારો પણ નહીં. રેશનકાર્ડ, આધારકાર્ડ, મતદારકાર્ડ એવું કશું નહીં. હાર્દિકભાઈએ તરત ઓળખના આધારો રવીનાબહેન તેમજ તેમના બાળકોને મળે તે માટેની પ્રક્રિયા હાથ ધરી ને પ્રથમ અંત્યોદય રેશનકાર્ડ આ પરિવારને કાઢી આપ્યું. આ કાર્ડમાં અનાજનો જથ્થો વધારે મળે એનાથી પરિવારને ઘણી રાહત થવા માંડી.

હાર્દિકભાઈએ જોયું કે, રવીનાબહેનના ઘરમાં વીજળીની સુવિધા નથી. એમનાં બાળકો શાળામાં ભણે. પણ અંધારું થાય એ પહેલાં બાળકોએ એમનું ભણવાનું પતાવી દેવું પડે. આ પરિવાર માટે વીજળી કેટલી જરૂરી છે એ વિગત હાર્દિકભાઈ સમજ્યા ને એમણે ચોવીસ કલાકમાં લાઈટની સુવિધા કરાવી આપી. હાર્દિકભાઈ જેવા સંવેદનશીલ અધિકારી દરેક જગ્યાએ હોય તો ગામમાં રહેતો એક પણ તકવંચિત પરિવાર સરકારી સહાયથી વંચિત ન રહે.

રવીનાબહેનને ઓળખના પુરાવા તો મળ્યા, પણ રવીનાબહેનનું પોતાનું પાકું ઘર થાય તો એમને નિરાંત થઈ જાય. એવી હાર્દિકભાઈની લાગણી. અમારો એમની સાથેનો પરિચય વર્ષોનો. એમણે અમને વાત કરી ને અમે ઈંગ્લેન્ડમાં રહેતા અમારા આદરણીય પ્રવીણભાઈ શાહની મદદથી રવીનાબહેનનું ઘર બાંધવાનું અમે નક્કી કર્યું. આમાં હાર્દિકભાઈ પણ પોતાની રીતે શક્ય મદદ કરશે.

રવીનાબહેનને અમે ઘર બાંધી આપવામાં મદદરૂપ થઈશું એવું કહ્યું, સાંભળીને એમણે, "હવે મને નિરાંત થઈ જશે. હું છૂટક મજૂરી કરું, લાકડાં વેચું. આમાં આખી જિંદગી મહેનત કરું તોય પોતાનું પાકું ઘર ન બાંધી શકત. ભગવાને મારું સાંભળ્યું બસ..." એમ કહ્યું. પાંચ બાળકો સાથે રહેતી એક બહેન માટે ઘર કેટલું અગત્યનું એ આ વાતથી સમજી શકાય. ઘર થતાં રવીનાબહેનના બાળકો માટે સુરક્ષિત બાળપણ ઊભું થશે ને એક માતાના મન પરથી 'આવતીકાલે ક્યાં રહેશું?'નો પ્રશ્ન દૂર થશે.

મા કેટલું સહન કરે? પોતાના દુઃખની વાત આવે ત્યારે કદાચ મા ચૂપ રહી જાય, પણ સંતાનના દુઃખની વાત આવે ત્યારે એ આખી દુનિયા સામે ઊભી થઈ જાય. રવીનાબહેન આવી જ એક મા. પતિ ગયા પછી એમની સામે બે રસ્તા હતા,

પોતાનું જીવન ફરી ગોઠવવું કે પાંચ સંતાનોનું જીવન ગોઠવવા માટે પોતાનું જીવન ભૂલી જવું. એમણે બીજો રસ્તો પસંદ કર્યો. આવી માતૃશક્તિને પ્રણામ.